પ્રસુતિ-રજાનું પ્રમાણ વધારવું અને પત્નીની પ્રસુતિ દરમિયાન પુરુષ કર્મચારીની રજા મંજૂર કરવી.

ગુજરાત સરકાર,

નાણા વિભાગ,

ઠરાવ નં.પીજીઆર-૧૦૯૮-૧૭-એમ

સચિવાલય, ગાંધીનગર.

તા.૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮

વંચાણમાં લીધો :- ભારત સરકાર, કર્મચારીગણ મંત્રાલય, પી.જી. અને પેન્શન કચેરીનો તા. ૭મી ઓક્ટોબર, ૧૯૯૭ની યાદીપત્ર નં.૧૩૦૧૮/૧/૯૭-ઈએસટીટી (લીવ)

**ઠરાવ**

ઉપર ઉલ્લેખેલા ભારત સરકારના હુકમના આધારે સરકાર પ્રવર્તમાન નિયમોમાં નીચેના ફેરફારો બહાર પાડવાનું ઠરાવે છે :

(૧) મુંબઈ મુલકી સેવા નિયમોના નિયમ ૭૭૧માં પ્રસુતિ રજાઓની ૯૦ દિવસની જોગવાઈની પ્રવર્તમાન ટોચમર્યાદા વધારીને ૧૩૫ દિવસ સુધીની કરવામાં આવશે.

(૨) બેથી ઓછાં બાળકો હયાત હોય એવા પુરુષ સરકારી કર્મચારી (તાલીમી કર્મચારી સહિત)ને તેની પત્નીની પ્રસુતિ દરમિયાન ૧૫ દિવસની રજા મંજૂર કરી શકાશે. આવા પ્રકારની રજા દરમિયાન, તેને રજા પર જતાં પહેલાં તેણે જે પગાર લીધો હોય તેટલી રકમનો રજા-પગાર ચૂકવવામાં આવશે. પત્નીની પ્રસુતિ દરમિયાન

મંજૂર કરવામાં આવેલી રજા, રજાના હિસાબ સામે ઉધારવામાં આવશે નહિ અને તે રજાને (પ્રસૂતિની રજાના કેસમાં કરવામાં આવે છે એ મુજબ) અન્ય કોઈ પણ પ્રકારની રજા સાથે જોડી શકાશે. સામાન્ય રીતે આવા પ્રકારની રજા કોઈ પણ સંજોગોમાં નામંજૂર કરવી નહિ.

૨. આ હુકમો, તે બહાર પડ્યાની તારીખથી અમલમાં આવે છે.

૩. ઉપરના ફકરા-૨ના સંદર્ભમાં, ઉક્ત તારીખે પ્રસૂતિની રજાના ૯૦ દિવસનો સમયગાળો પૂરો ન થયો હોય એવી સરકારી મહિલા કર્મચારી પણ ૧૩૫ દિવસની પ્રસૂતિ રજા માટે હકદાર બનશે. એ જ રીતે, આ હુકમ બહાર પડ્યા તારીખથી ૧૩૫ દિવસ પહેલાંની ન હોય એવી કોઈ પણ તારીખે જેની પત્નીએ બાળકને જન્મ આપ્યો હોય તે સરકારી પુરુષ કર્મચારીને પણ પત્નીની પ્રસૂતિ દરમિયાન રજા મંજૂર કરી શકાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-

ખાસ ફરજ પરના અધિકારી,

નાણા વિભાગ.